# વિદ્યાર્થી સંગઠનોની રચનાત્મક ભૂમિકા

વિશ્વમાં વિવિધક્ષેત્ર સાથે સંકળાયેલ માનવબળ પોતાની ઉન્નતી માટે સંગઠનની રચના કરે છે. પછી તે ક્ષેત્ર ઔદ્યોગિક, ચિકિત્સા, ફિલ્મ, શિક્ષણક્ષેત્ર કે અન્યક્ષેત્ર હોઇ શકે. આવા સંગઠનોની મુખ્ય જવાબદારી છે - જે તે ક્ષેત્ર સાથે સંકળાયેલ માનવબળનું ઉત્થાન કરવું. આ ઉત્થાન ત્યારે જ શક્ય બને કે જ્યારે વ્યક્તિ શારીરિક, માનસિક, આધ્યાત્મિક, નૈતિક અને આર્થિક રીતે સશક્ત હોય. તેનો અર્થ એવો કરી શકાય કે સંગઠનોએ પોતાના ક્ષેત્રના વ્યર્કિતમાં ઉપરોક્ત પાસાંનો વિકાસ કરવો. દરેક વ્યર્કિત ચોક્કસ સમાજનો એકમ છે. વ્યર્કિત વિકાસ દ્વારા સમાજનો વિકાસ થશે. તેનાથી ઉલ્ટું પણ એટલું જ સાચું છે કે સમાજ વિકાસ દ્વારા વ્યર્કિતનો  વિકાસ થશે. આમ જોતાં સંગઠનોએ પોતાના ક્ષેત્રમાં રહેલ માનવના વિકાસની સાથે સમાજ વિકાસમાં પણ રસ દાખવવો જોઇએ. જેને સંગઠનોની વિશેષ રચનાત્મક ભૂમિકા કહી શકાય.

સમાજમાં રહીને કામ કરતાં અનેક સંગઠનોમાંનું એક સંગઠન છે – વિદ્યાર્થી સંગઠન. ગુજરાતની વાત કરીએ તો.... ગુજરાતના વિદ્યાર્થી સંગઠનોએ ભૂતકાળમાં ઘણીવાર ખૂબ જ રચનાત્મક ભૂમિકા ભજવીને સમાજને નેતૃત્વ પૂરૂં પાડેલ છે. રાજકીય રીતે જોતાં ગુજરાતના ઘણાં રાજકીય નેતાઓનું સર્જન અને પોષણ આ વિદ્યાર્થી સંગઠનો જ રહ્યાં છે. વિદ્યાર્થી સંગઠનો માટે સમાજને માન છે- આદર પણ છે. ગુજરાતના વિદ્યાર્થી સંગઠનોએ માત્ર વિદ્યાર્થીઓને જ લાભ અપાવવા આંદોલનો કર્યા છે એવું નથી. નવનિમાર્ણ કે મહાગુજરાતના આંદોલનો એ વાતની સાક્ષી પૂરે છે કે વિદ્યાર્થી સંગઠનો સમાજના પ્રશ્નોને પણ વાચા આપે છે. આમ છતાં  છેલ્લા આઠ-દસ વર્ષથી વિદ્યાર્થી સંગઠનો દ્વારા સમાજ માટે-આમ આદમી માટેની રચનાત્મક ભૂમિકા ભજવવામાં ઓટ આવી હોય તેવું લાગે છે. આજે પણ ગુજરાતમાં ABVP, NSUI, AIDSO  અને અન્ય સંગઠનો ખાસ ભૂમિકા ભજવી રહ્યાં છે. મોટાભાગના વિદ્યાર્થી સંગઠનો વિદ્યાર્થીને લાભ અપાવવા માટેના કામ વિશેષ કરે છે. ત્યારે નમ્રપણે એક સૂચન કરવાની ઇચ્છા થાય કે દોસ્તો, એક વાતનું ધ્યાન રાખજો કે ક્યાંય ખોટા વિદ્યાર્થીને ખોટો લાભ ન મળી જાય. વિદ્યાર્થી સંગઠનો દ્વારા વિવિધ પ્રશ્નો કે વિષયો માટે આંદોલનો કરવામાં આવે છે. આ પ્રશ્નો અને વિષયોમાં વધારો થાય તો સમાજમાં વધુ જાગૃતિ લાવવાની સંગઠનોની ભૂમિકા વધુ ખીલી ઉઠશે. સૌ જાણે છે કે યુવાનો અન્યાયને સહન કરી શકતા નથી. તે માટે ભાંગફોડ, શોરબકોર,મારામારી વગેરેનો આશરો લેવામાં આવે છે, ત્યારે વિચારવાનું થાય કે અન્યાયનો સામનો કરવા માટે આ સિવાય અન્ય કોઇ ઉપાયો નથી?

વિદ્યાર્થી સંગઠનો દ્વારા થતાં આંદલનો માત્ર માંગણી માટે ના જ ન હોવા જોઇએ. આમ આદમી અને સામાન્ય વિદ્યાર્થીની લાગણીને પણ ધ્યાને રાખવા જોઇએ. વિદ્યાર્થી વિકાસની સાથે સાથે વાલી વિકાસ અને સમાજ વિકાસના કાર્યક્રમો અપાય તો સોનામાં સુગંધ ભળે. કોઇપણ સંગઠન જ્યારે પોતાનું કાયક્ષેત્ર વધુ વિસ્તારે ત્યારે તેને તમામ ક્ષેત્રેથી સહકાર પણ મળશે. અત્યારના વિદ્યાર્થી સંગઠનો મોટાભાગે ઉચ્ચશિક્ષણક્ષેત્રને જ અગ્રતા આપે છે. છેલ્લા કેટલાય સમયથી પ્રાથમિક કે માધ્યમિક શિક્ષણ સાથે સંકળાયેલ બાબત માટે વિદ્યાર્થી સંગઠનોએ માંગણી કરી હોય કે અંદોલનો કર્યા હોય તેવું જવલ્લેજ સાંભળ્યું છે. ત્યારે વિદ્યાર્થી સંગઠનોએ પોતાનું કાર્ય ક્ષેત્ર વધુ વિસ્તારીને પ્રાથમિક અને માધ્યમિકક્ષેત્રના શિક્ષણને લગતા પ્રશ્નો કે સમસ્યાઓને વાચા અને ન્યાય અપાવવા માટેના પ્રયત્નો કરવા જોઇએ. અહીં એક ખાસ ભલામણ એ પણ કરવાની થાય કે, સમસ્યા કે પ્રશ્નોની સામે જેમ આંદોલનો કરવામાં આવે છે તેમ શિક્ષણક્ષેત્રે બનેલી સારી ઘટનાઓને આવકાર આપવાના પણ કાર્યક્રમો થવા જોઇએ.  નકારાત્મક બાબતોનો વિરોધ કરવામાં આવે છે તેમ હકારાત્મક બાબતોને નવાજવી પણ જોઇએ. જે રચનાત્મક

ભૂમિકાનું એક પાસું ગણાશે. અધ્યાપક પેપર ફોડે તો તેનો વિરોધ કરવામાં આવે છે, તો ચોરી કરતા વિદ્યાર્થીઓનો પણ વિરોધ થવો જ જોઇએ. અહી સિદ્ધાંત અગત્યનો છે, વ્યકિંત નહીં. વિદ્યાર્થી સંગઠનો ચોક્કસ સિદ્ધાંતો સાથે કામ કરશે તો સમાજને વધુ લાભ થશે અને વધુ આવકાર મળશે. સંઘર્ષ કરીએ છીએ તો સપોર્ટ પણ કરીએ. જે વિચારશીલ વ્યકિંત કે સંગઠનનું સબળું પાસું છે.

હમણાં એક કાર્યક્રમમાં હાજરી આપવાનું થયું. કાર્યક્રમમાં રાઉન્ડ ટેબલ ચર્ચા હતી. ત્યારે આનંદ એ વાતનો થયો કે વિદ્યાર્થી સંગઠન દ્વારા આવા કાર્યક્રમનું આયોજન થયું. ત્યારે જ મનમાં વિચાર પણ આવ્યો કે આ યુવાનો કે જેમના ખભે આવતી કાલના ભારતનો ભાર છે તેમને પ્રોત્સાહન સાથે કેટલીક નવી દિશાઓ પણ બતાવવી. જે બાબત લેખ લખવા પાછળનું પ્રેરકબળ છે. આમપણ જે દેશ-સમાજનો યુવાવર્ગ જેટલા પ્રમાણમાં જાગૃત,સશક્ત અને વિચારવંત હશે તેટલા પ્રમાણમાં જે તે સમાજ-દેશ પ્રગતિ કરી શકશે. વિવિધ પ્રચાર માધ્યમોએ પણ વિવિધ વિદ્યાર્થી સંગઠનો દ્વારા થતી રચનાત્મક ભૂમિકાને સમાજ સામે મૂકીને પ્રોત્સાહન આપવું જોઇએ. સમાજે પણ આ માટે આગળ આવવું પડશે. જો વિદ્યાર્થી સંગઠનો તેમની ભૂમિકા યોગ્ય રીતે ભજવતા હોય તો સમાજે પણ પોતાની ભૂમિકા યોગ્ય રીતે ભજવવી જોઇએ. અતિઉત્સાહમાં આવીને અયોગ્ય પગલાં ભરતાં આપણાંજ સંતાનો કે ભાઇ બહેનને આપણે જ સાચી દિશા બતાવવી પડશે. આમછતાં આજનો યુવા વર્ગ ખૂબ જ વિચારશીલ અને પ્રગતિની દોડમાં હાંફે નહીં એવો છે. ત્યારે તેમના સંગઠન થકી દરેક યુવાન વધુ પ્રગતિ કરે તે માટે રચનાત્મક કાર્યક્રમો વધુ પ્રમાણમાં યોજાય તેવી લાગણી સૌ કઇ રાખે તે સ્વાભાવિક છે. આ માટે વિદ્યાર્થી સંગઠનો દ્વારા જ નેતૃત્વની ખિલવણી માટેની શિબિર રાખી શકાય. ગરીબ વિદ્યાર્થીને મદદ માટે ચોક્કસ આયોજન કરી શકાય, દીવાલ પર ગંદા સૂત્રોને દૂર કરી ને સારાં સૂત્રો લખી શકાય. મહાપુરુષોની જયંતી ઉજવી શકાય, રાષ્ટ્રીય વિવિધ દિવસો વિવિધ રીતે ઉજવી શકાય, ચોક્કસ પાસાં માટે સમાજમાં કે વિદ્યાર્થીઓમાં જાગૃતતા લાવવા માટે રેલી કાઢી શકાય. વિવિધ અભ્યાસકીય શાખાઓમાં મોખરાનું સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને સન્માની શકાય, વ્યક્તિત્વ વિકાસના સેમિનાર યોજી શકાય વગેરે. આવા કાર્યક્રમોની અપેક્ષા વિદ્યાર્થી સંગઠનો પાસે સમાજ રાખે તો તે સમાજ અને વિદ્યાર્થી સંગઠનોના હિતમાં જ છે. સંગઠન દ્વારા સ્વહિત કરતાં સમાજહિતને વધુ પ્રાધાન્ય મળવું જોઇએ. નકારાત્મક બાબતોને દૂર કરવા માટેના પ્રયત્નો પણ હકારાત્મક ગણાય. કોલેજ કે શાળા કક્ષાએ પરીક્ષામાં થતી ચોરી, કોલેજ કેમ્પસમાં થતી અસામાજિક પ્રવૃત્તિઓ, ટ્રાફિકના નિયમોનો ભંગ કરીને પૂરપાટ મોટરસાયકલ ચલાવતા વિદ્યાર્થીઓને અટકાવવાની જવાબદારીમાં સહભાગી બનશો તો સૌ કોઇ આનંદ અનુભવશે. બસમાં વગર ટીકીટે મુસાફરી કરવી કે પાનના ગલ્લા પર ઊભા રહીને ગુટકા ખાવામાં ગૌરવ અનુભવતા વિદ્યાર્થીને સમજાવવાની જવાબદારી જેટલી વાલીની છે એટલીજ જવાબદારી વિદ્યાર્થી સંગઠનની પણ બને તો !